GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY
(Gujarat Vepari Mahamandal)
Shri Ambica Mills-Gujarat Chamber Bldg., P.B.No.4045,
Ashram Road, Ahmedabad-380009
Fax No.: 079-26587992/Tele. No.: 079-26582301/2/3/4
Email: gcci@gujaratchamber.org Website: www.gujaratchamber.org

# Press Note

6281

**17th June, 2020**

Gujarat Chamber of Commerce and Industry (GCCI) jointly with The Gujarat Dyestuff Manufacturers Association (GDMA), DMAI, FICCI, CII, ASSOCHAM, GCA, GPA and GSPMA, had arranged a **Brain-Storming Webinar on Draft EIA Notification-2020 by MoEF&CC, New Delhi on 12/06/2020 at 03:30 p.m.**

Shri Durgeshbhai Buch, President, GCCI delivered the welcome speech and welcomed all the Panel Members, Shri Yogeshbhai Parikh, Chairman, Environment Committee, GCCI, Office Bearers of GCCI and all the participants from the Industry. He then gave a short background on the Subject. Around 300 participants had joined the Webinar.

Thereafter Shri Yogeshbhai Parikh, Chairman, Environment Committee and President, GDMA took over the Chair and welcomed Shri Sarath Kumar Pellarla, Director - IA Policy Division, MoEF&CC, New Delhi, Shri A. V. Shah, Member Secretary, GPCB, Shri B. R. Naidu, Ex. Regional Director, CPCB, Shri A. A. Dolti, Shri J. K. Vyas, Ex. Senior Environmental Engineer, GPCB and Shri Anilbhai Jain, Jt. Vice President, GDMA for the technical presentation and discussion.

While addressing the keynote Shri B. R. Naidu, Ex. Regional Director, CPCB suggested that most of the Common Environment Infrastructure are within Notified Area and meant for betterment of the environment. Hence, they may be exempted for the long procedural requirement of Environment clearance. He raised the issue of shortcoming of Hazardous Waste disposal site as the proposals for TSDF are not getting cleared due to mass protest during the public hearing as the public are not aware of the project and misguided by malafide interested people. He suggested that as per provision of Hazardous Waste Rule, Govt. has to identify the land and notify for the purpose of TSDF. He informed that the concept of ECwas for site clearance only when it was published in the year 1994, but now it is proposed to handle all issues of prior and post EC by the EC committee. He expressed his deep concern that Drafting Authority of EIA is trying to create a parallel body to State Pollution Control Board. He also objected very promptly about the concept of encouraging "ZLD" Zero Liquid Discharge for Chemical Industry, wherever CETP is available.

Shri A. A. Dolti Ex. Senior Environmental Engineer, GPCB made a power point presentation on behalf of GCCI and informed that we have analyzed the data available on website of MoEF and SEIAA which shows that @ 68% of EC applications are made from Gujarat. He also stated that Gujarat is a chemical hub, as per the approach of sustainable development of GPCB, we are also first in providing maximum nos. of Common Environment Infrastructure in the Nation. He welcomed the draft EIA Notification on behalf of GCCI but also raised the concerns which are hurdles to "EASE OF DOING BUSINESS". He remarked that as per the proposals, EC Committee will deal not only EC cases but also subsequent issues like EC amendment, non-compliance, violation, Heavy penalty, closures, disconnection and even amendment in any minor change in EC conditions. He suggested that EC should be issued once as a site clearance and all amendments should be left to respective State Pollution Control Bards. He brought to the notice that the State Board is already performing these cases as proposal through Draft Notification. He specially mentioned that project covered under category "B" shall be exempted from requirement of Environment clearance which will enhance the idea of "ATMANIRBHAR BHARAT" of Hon'ble Prime Minister.

Shri Anilbhai Jain, Jt. Vice President, GDMA explained the various hurdles which project proponent have to face practically for preparing EC application. He raised the concern about the very high consulting charge, red-tapism and requested to simplify the various application forms and EC conditions.

Shri Shankerbhai Patel, Past President, GDMA raised the issue of very high delay in disposing the EC application and informed that hardly 10 to 20% of applications are disposed within stipulated time and most of the applications are taking more than 200 days and remarked that we do not have good experience of EC Committee, which will be hurdles to the industrial growth of the nation. He requested not to consider impractical suggestions if made by any NGO/malifide interested people.

Shri Sarath Kumar Pallerla, Director - IA Policy Division, MoEF&CC, New Delhi who has the major role of drafting the notification was also present during the webinar. He said that he will put up the concerns to the authority. He made the presentation of the Draft EIA Notification in detail and the criteria considered for such provisions. He explained the procedural requirement of the proposed draft notification in details.

Shri Yogeshbhai Parikh, Chairman, Environment Committee and President of GDMA while summing up the webinar requested Shri Sarath Kumar Pallerla, Director - IA Policy Division, MoEF&CC, New Delhi that we shall compile the suggestions and will submit to you. Kindly consider the same in the interest of "EASE OF DOING BUSINESS" in the Nation.

Lastly Shri Maheshbhai Patel, President of Ankleshwar Industries Association expressed the vote of thanks to all participants with a remark that MoEF&CC may help industries in Post COVID-19 scenario and also assured to maintain good environment.

---

**To,**
**The Editor/ Chief Reporter/ Commercial Editor/ Bureau Chief/ News Editor with a request to kindly incorporate the above Press Note in your esteemed News Paper.**

**Yogendra Kumar Trivedi**
**Chief Operating Officer**

# GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

**(Gujarat Vepari Mahamandal)**
**Shri Ambica Mills-Gujarat Chamber Bldg., P.B.No.4045,**
**Ashram Road, Ahmedabad-380009**
**Fax No.: 079-26587992/Tele. No.: 079-26582301/2/3/4**
**Email: gcci@gujaratchamber.org Website: www.gujaratchamber.org**


## Press Note

6281

**૧૭ જૂન, ૨૦૨૦**

તા. ૧૨-૬-૨૦૨૦ ના રોજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ ગુજરાત ડાયસ્ટફ મેન્યુફેક્ચરર્સ એસોસીએશન (જી.ડી.એમ.એ), ડી.એમ.એ.આઈ, ફીક્કી, સી.આઈ.આઈ, એસોચેમ, જી.સી.એ, જી.પી.એ અને જી.એસ.પી.એમ.એ સાથે મળી ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા માર્ચ મહિનામા જે એન્વાયર્નમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટનું ડ્રાફ્ટ નોટીફીકેશન બહાર પાડવામાં આવ્યું છે તેની સમજણ આપવા તથા વિગતે મુદ્દાઓની ચર્ચા વિચારણા કરવા એક બ્રેઈન-સ્ટોર્મીંગ વેબીનારનું આયોજન કર્યું હતું.

સૌ પ્રથમ જી.સી.સી.આઈના પ્રમુખ શ્રી દુર્ગેશભાઈ બુચએ તમામ સભ્યોનું સ્વાગત કરી પ્રારંભીક ઉદ્બોધન કર્યું હતું અને તમામ વિષય તજજ્ઞોનું સ્વાગત કર્યું હતું તથા જી.સી.સી.આઈના ઓફીસ બેરર્સનું પણ સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા માર્ચ મહીનામા જે એન્વાયર્નમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટનું ડ્રાફ્ટ નોટીફીકેશન બહાર પાડવામાં આવ્યું છે તેના વિષે સંક્ષિપ્તમાં માહીતી આપી હતી.

ત્યારબાદ શ્રી યોગેશભાઈ પરીખ, ચેરમેન એન્વાયર્નમેન્ટ કમીટી, જીસીસીઆઈ તથા પ્રમુખ જીડીએમએએ તમામ વિષય તજજ્ઞો - શ્રી શરથકુમાર પેલાર્લા, વન અને પર્યાવરણ મંત્રાલય, નવી દિલ્હી, શ્રી એ. વી. શાહ, સભ્ય સચિવ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, શ્રી બી. આર. નાયડુ, પૂર્વ પ્રાદેશિક નિયામક, સીપીસીબી, શ્રી એ. એ. દોલતી, શ્રી જે. કે. વ્યાસ પૂર્વ વરિષ્ઠ પર્યાવરણ ઈજનેર, જીપીસીબી, શ્રી અનિલભાઈ જૈન, સહ ઉપપ્રમુખ, જીડીએમએ વિગેરેનું સ્વાગત કરી તેમનો ટુંકો પરીચય આપ્યો હતો.

શ્રી બી. આર. નાયડુ પૂર્વ પ્રાદેશિક નિયામક, સીપીસીબીએ સૂચવ્યું હતું કે મોટાભાગના સામાન્ય પર્યાવરણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સૂચિત ક્ષેત્રમાં છે અને હોય છે તે પર્યાવરણની સુધારણા માટે હોય છે. માટે તેઓને પર્યાવરણીય મંજૂરીની લાંબી પ્રક્રિયામાંથી છૂટ મળી શકે છે. તેમણે જોખમી કચરાના નિકાલની સાઈટની અછતનો મુદ્દો પણ ઉઠાવતા કહ્યું હતુ કે આ મુદ્દો ત્વરીત ક્લીયર થતો નથી કારણકે જાહેર સુનાવણી દરમિયાન જાહેર જનતા આ પ્રોજેક્ટ વિશે જાગૃત નથી હોતી અને ગેરરીતી કરનારા લોકો દ્વારા ગેરમાર્ગે દોરવામાં આવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જોખમી કચરો નિયમની જોગવાઈ મુજબ સરકારે ટી.એસ.ડી.એફ સાઈટ માટે જમીન નોટીફાઈ (ઈ.સી) કરીને આપવી જોઈએ. તેમણે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે વર્ષ ૧૯૯૪માં જ્યારે પ્રકાશિત કરવામાં આવ્યો હતો ત્યારે એન્વાયર્નમેન્ટ ક્લિયરન્સ ફક્ત સાઈટ ક્લિયરન્સ માટે હતો પરંતુ હવે ઈસી સમિતિ દ્વારા પૂર્વ અને પોસ્ટ ઈસીના તમામ મુદ્દાઓને સંચાલિત કરવાની દરખાસ્ત છે. તેમણે ઉંડી ચિંતા વ્યકત કરી કે ઈઆઈએ ડ્રાફ્ટીંગ ઓથોરીટી રાજ્ય પ્રદુષણ નિયંત્રણ બોર્ડને સમાંતર સંસ્થા બનાવવાનો પ્રયાસ કરી રહી છે. તેમણે જ્યાં સી.ઈ.ટી.પી છે તેવા ઔધોગિક વિસ્તારોના કેમિકલ ઉધોગ માટે ''જેડ.એલ.ડી'' ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જને પ્રોત્સાહિત કરવા અંગે તેમણે ખૂબ જ વાંધો ઉઠાવ્યો હતો.

શ્રી એ. એ. દોલતી, પૂર્વ વરિષ્ઠ પર્યાવરણીય ઈજનેર, જીપીસીબીએ જીસીસીઆઈ વતી પાવર પોઈન્ટ પ્રેઝંટેશન આપતા જણાવ્યું હતું કે અમે વન અને પર્યાવરણ મંત્રાલયની વેબસાઈટ પર ઉપલબ્ધ ડેટાનું વિશ્લેશણ કર્યું છે જે બતાવે છે કે ૬૮% ઈસી અરજી ગુજરાતમાંથી આવે છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે ગુજરાત એક કેમિકલ હબ છે. જીપીસીબીના વિકાસ માટે મહત્તમ પર્યાવરણ માળખાકીય સુવીધાઓ પૂરી પાડવામાં પણ આપણે પ્રથમ સ્થાને છીએ. તેમણે જીસીસીઆઈ વતી ડ્રાફ્ટ ઈઆઈએ નોટિફિકેશનને આવકાર્યું હતું પરંતુ ચિંતા પણ વ્યકત કરી કે તે ઈઝ ઓફ ડુઈંગ બીઝનેસ માટે તે અવરોધરૂપ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે દરખાસ્ત મુજબ, ઈસી કમિટી ફક્ત ઈસી કેસો જ નહીં પરંતુ ત્યાર બાદના ઈસી સુધારા, કાયદાનું ઉલંઘન, ભારે દંડ, કલોઝર, ડિસકનેક્શન અને ઈસી શરતોમાં કોઈ નાના ફેરફારમાં સુધારો જેવા મુદ્દાઓ પણ રજૂ કરશે. તેમણે સૂચન આપ્યું હતું કે એક વખત સાઈટ ક્લિયરન્સ તરીકે ઈસી જારી કરવામાં આવે અને તમામ સુધારા સંબંધિત ધારાધોરણ રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પર મુકવા જોઈએ. તેમણે જણાવ્યું હતું કે સ્ટેટ બોર્ડ આ મુદ્દાઓને ડ્રાફ્ટ નોટિફિકેશન દ્વારા પહેલેથીજ ચલાવી રહ્યું છે. તેમણે વિશેષમાં જણાવ્યું હતું કે ''બી'' કેટેગરી હેઠળ આવરી લેવામાં આવતા

પ્રોજેક્ટને પર્યાવરણીય મંજૂરીની જરૂરિયાતથી મુક્તિ અપાશે જે માનનીય વડા પ્રધાનના આત્મનિર્ભર ભારતના વિચારને મદદરૂપ બનશે.

શ્રી અનિલભાઇ જૈન, સહ ઉપપ્રમુખ જીડીએમએ એ પ્રોજેક્ટના પ્રોપોઝરને ઈસી એપ્લિકેશન તૈયાર કરતી વખતે પડતી વિવિધ અડચણો વિશે સમજાવ્યુ હતું. તેમણે ખુબ ઉંચા કન્સલ્ટિંગ ચાર્જ, રેડ-ટેપીઝમ વિશે ચિંતા વ્યક્ત કરી વિવિધ એપ્લિકેશન ફોર્મ્સ અને ઈસી શરતોને સરળ બવાનના વિનંતી કરી.

જીડીએમએના પૂર્વ પ્રમુખ શ્રી શંકરભાઈ પટેલે ઈસી અરજીનો નિકાલ કરવામાં ખૂબજ વિલંબ થતો હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો અને જણાવ્યું હતું કે ભાગ્યેજ ૧૦ થી ૨૦% અરજીઓનો નિયત સમયની અંદર નિકાલ થાય છે અને મોટા ભાગની અરજીઓને નિકાલ કરતા આશરે ૨૦૦ દિવસથી વધુ સમય લે છે અને ટિપ્પણી કરી હતી કે અમને ઈસી સમિતિનો સારો અનુભવ નથી. જે રાષ્ટ્રના ઔદ્યોગિક વિકાસમાં અવરોધરૂપ બનશે. જો કોઈ એનજીઓ/બદઈરાદો ધરાવતા લોકો દ્વારા અવ્યવહારૂ સુચનો કરવામાં આવે તો તેવા સુચનો ધ્યાનમાં ન લેવાની તેમણે વિનંતી કરી હતી.

શ્રી શરથકુમાર પલેરલા, નિયામક-આઈએ પોલિસી ડિવિઝન, વન અને પર્યાવરણ મંત્રાલય નવી દિલ્હી જેમની આ ડ્રાફ્ટ નોટિફિકેશન તૈયાર કરવામાં મુખ્ય ભુમિકા છે તે પણ વેબિનાર દરમિયાન હાજર હતા. તેમણે કહ્યું હતું કે તેઓ ચિંતાઓને સત્તા સમક્ષ રજૂ કરશે. તેમણે ડ્રાફ્ટ નોટિફીકેશનની વિગતવાર રજૂઆત કરી અને આવી જોગવાઈઓ માટેના માપદંડોને ધ્યાનમાં લીધા હતા. તેમણે સૂચિત મુસદ્દાની સૂચનાની પ્રક્રિયાગત વિગતો સમજાવી હતી.

જીસીસીઆઈ એન્વાયર્નમેન્ટ કમીટીના ચેરમેન તેમજ જીડીએમએના પ્રમુખશ્રી યોગેશભાઈ પરીખે શ્રી શરથકુમાર પલેરલા, નિયામક-આઈએ, પોરિસી ડિવિઝન. એમઓઈએફ એન્ડ સીસી નવી દિલ્હીને સૂચનો તૈયાર કરી સુપ્રત કરીશું તેમ જણાવ્યું હતું અને તે સૂચનોને રાષ્ટ્રવ્યાપી ઈઝ ઓફ ડુઈંગ બીઝનેસને ધ્યાનમા રાખી ઘટતું કરવા વિનંતી કરી હતી.

અંતમાં શ્રી મહેશભાઈ પટેલ, પ્રમુખ અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશને તમામ વિષય તજજ્ઞોનો તથા તમામ સભ્યોનો આભાર માન્યો હતો અને વિનંતી કરી હતી કે વન અને પર્યાવરણ મંત્રાલય કોવીડ-૧૯ બાદ ઉદ્યોગોને મદદ કરે અને સારા વાતાવરણ જાળવવાની ખાતરી આપી હતી.

---

**તંત્રીશ્રી/ચીફ રીપોર્ટરશ્રી/કોમર્શીયલ એડીટરશ્રી/બ્યૂરો ચીફ/ન્યૂઝ એડીટરશ્રી,**
**યોગ્ય પ્રસિદ્ધિ સારુ વિનંતી સહ રવાના,**

યોગેન્દ્રકુમાર ત્રિવેદી
**ચીફ ઓપરેટિંગ ઓફિસર**